**<u>મહેરબાન જાફરાબાદના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.જાફરાબાદ</u>**

**ફોજદારી કેસ નંબર.૧૦૮/૨૦૨૬**
**આંક – ૨૦**

ફરીયાદી :– શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપીઓ :–
**(૧) જુબેરભાઈ સલીમભાઈ ભટી,** ઉ.વ.૨૩, ધંધો : મજુરી,
**(૨) અકીબભાઈ સાબીરભાઈ સોરઠીયા,** ઉ.વ.૧૮, ધંધો : મજુરી,
**(૩) જાવેદભાઈ સલીમભાઈ સૈયદ,** ઉ.વ.૨૮, ધંધો : વેપાર
**(૪) હમીદભાઈ અલીભાઈ હબ્સી,** ઉ.વ.૨૮, ધંધો : મજુરી,
**(૫) આસીફભાઈ હસનમીયા હબ્સી,** ઉ.વ.૨૮, ધંધો : મજુરી,
**(૬) સાલમીયા હસનમીયા હબ્સી,** ઉ.વ.૩૦, ધંધો : મજુરી,
**(૭) શકીલભાઈ રહીમભાઈ સારવીયા,** ઉ.વ.૨૮, ધંધો : મજુરી,
**(૮) અલ્તાફભાઈ સતારભાઈ ગેરૈયા** ઉ.વ.૩૭, ધંધો : મજુરી,
**(૯) અશરફભાઈ ઈસાકભાઈ કુંડલીયા,** ઉ.વ.૩૭, ધંધો : મજુરી,
**(૧૦) રફીકભાઈ મહમદભાઈ રફાઈ,** ઉ.વ.૫૦, ધંધો : મજુરી,
**(૧૧) સોહીલભાઈ કાસમભાઈ હબ્સી,** ઉ.વ.૨૦, ધંધો : અભ્યાસ,

રહે. આરોપી નં ૧,૨,૭,૮,૧૦તુર્કી મહોલ્લા,તા. જાફરાબાદ, જિ. અમરેલી.
આરોપી નં ૩,૪,૫,૬,નેસડી મહોલ્લા,તા. જાફરાબાદ, જિ. અમરેલી.
આરોપી નં ૯ લાઈટ હાઉસ રોડ,તા. જાફરાબાદ, જિ. અમરેલી.
આરોપી નં ૧૧,રાજુલા બીડી કામદાર તા રાજુલા જિ. અમરેલી.

**<u>ગુનો:–</u> <u>જુગાર ધારાની કલમ ૧૨ મુજબ.</u>**

**<u>–: ઠરાવ :–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીન પતીનો હારજીતનો જુગાર રમી કુલ રોકડ રૂા.૧૨,૩૧૦/– તથા ગંજીપત્તાના પાના નંગ–૫૨, કિં.રૂા.૦૦/૦૦ મળી કુલ કિં.રૂા.૧૨,૩૧૦/– ના જુગાર લગત મુદામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારા કલમ–૧૨ મુજબનો ગુન્હો દાખલ કરેલ અને તપાસના અંતે ચાર્જશીટ કરવામાં આવેલું.

(૨) આરોપીઓ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલ મળ્યાની ખાત્રી કરેલ. ત્યારબાદ આંક–૧૩ થી ૧૯ પ્લી રેકર્ડ કરતાં તેઓએ ગુન્હાનો સ્વીકાર કર્યો છે. સાથે સાથે આંક–૧૧ થી પુરસીસ આપી ગુન્હો સ્વીકારી દયા રાખવાની માંગણી કરી છે અને તેમજ આ કામે આરોપીઓ તરફે મુદ્દામાલ અંગે આંક–૧૨ થી નોકલેઈમ પુરસીશ રજુ કરવામાં આવેલ છે.

(૩) આરોપીઓની ગુન્હાની કબુલાત સ્વેચ્છાપૂર્વક ની હોવાની અદાલતે ખાત્રી કરેલ છે. આરોપીઓ સામેના ગુન્હાની ગંભીરતાં, સજાની જોગવાઈ તથા પુરસીસમાં જણાવેલ કારણો જોતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના દરેક આરોપીઓને બી.એન.એસ.એસ.૨૦૨૩ની કલમ–૨૨૯ અન્વયે જુગારધારાની કલમ–૧૨ ના ગુના સબબ તકસીરવાર ઠરાવી દરેકને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેકને રૂ.૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા) કુલ રૂ. ૩૩૦૦/– પુરાનો દંડ કરવામાં આવે છે. આરોપીઓ જો દંડની રકમ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેછે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર જમા કરી તેમજ બાકીનાં બિનકિંમતી મુદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૧૪ મી,** માહે, **માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**જાફરાબાદ**

**(પી.એમ.કામદાર)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**
**જાફરાબાદ.**
**જજ કોડ : જી.જે. ૦૧૬૯૭**